#086
Daily Learning 📝
જીવનમાં સૌથી મોટું સત્ય શું છે ખબર છે?
જે શીખવાનું બંધ કરે છે… એ આગળ વધવાનું પણ બંધ કરે છે.

દરેક સફળ વ્યક્તિમાં એક કોમન ગુણ હોય છે —
તે ક્યારેય શીખવાનું બંધ નથી કરતાં.

જ્યારે આપણે નવું શીખીએ છીએ ત્યારે…
આપણી વિચારશક્તિ બદલાય છે,
આપણો અભિગમ બદલાય છે,
અને ધીમે ધીમે આપણું જીવન પણ બદલાય છે.

મિત્રો એક વાત યાદ રાખીએ—
“Change is not difficult… but learning is necessary for change.” જો આપણે આજેય એ જ વિચારોમાં અટવાયેલા છીએ,
એ જ રીતથી કામ કરીએ છીએ…
તો પરિણામ પણ એ જ મળશે.
પણ…
જો આપણે રોજ થોડું નવું શીખીશું,
તો 1% સુધારો દરરોજ થશે,
અને 100 દિવસ પછી — આપણે સંપૂર્ણ બદલાયેલા હોઈશું.

તો ચાલો નક્કી કરીએ:
“હું રોજ કંઈક નવું શીખીશ… ભલે તે નાનું કેમ ના હોય.”

કારણ કે…
જે શીખે છે, એ જ સાચે બદલાય છે…
અને જે બદલાય છે, એ જ આગળ વધે છે.